જા.નં./મા-૩/ગ્રાન્ટેડ વર્ગ વધારો/૨૦૨૩/ ૧૫૭૬૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૧૨-૦૯-૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ (ગ્રાન્ટેડ),
સુરત.જિ.સુરત.

આ સાથે સામેલ કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૩/વ.વ./૨૦૨૩૫૨૬૭-૫૩૦૦ તા.૧૨-૦૯-૨૦૨૩ મુજબ જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

5267 - 5300

| E-Mail<br>તાત્કાલિક/અગત્યનું |
|---|

ક્રમાંક:- ઉમશ/ઉમા-૩/વ.વ./૨૦૨૩/
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુ.રા.,
તા. ૧૨/૯/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૩થી ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની ઓનલાઇન બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપના જિલ્લા હસ્તકની તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાની દરખાસ્ત કરવા માટે ચૂકી ગયેલ હોય તેવી સંસ્થાઓ તેમજ જરૂરીયાત હોય તો તેવી સંસ્થાઓ માટે શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ માટે સંસ્થા દ્વારા **પુન: ઓનલાઇન અરજી તા.૧૪/૦૯/૨૦૨૩ સવારે:૧૧-૦૦ કલાક થી તા.૨૪/૦૯/૨૦૨૩ના રાત્રિના ૧૧-૫૯ કલાક** સુધી ઓનલાઇન અરજી કરી શકશે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સ્થળતપાસ કરીને અરજી **નિયામકશ્રી,શાળાઓની કચેરીને ઓનલાઇન તા.૨૧/૦૯/૨૦૨૩ થી તા.૨૮/૦૯/૨૦૨૩ સુધી સબમીટ કરવાની રહેશે.**

આપના જિલ્લાની શાળાઓ વર્ગવધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે શાળાઓના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે.

**વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

- બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના વર્ગવધારા માટે નિયત થયેલ દરખાસ્ત ફી રૂ. ૨૫૦૦/- ઓનલાઇન જમા કરાવવાના રહેશે. (ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઇન ફી જમા થયા બાદ જ અપ્લીકેશન ફોર્મ ખુલશે જેની ખાસ નોધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સૂચનાઓ આપશો.
- કોઇપણ ફાઇલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહીં.
- આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રિમાર્કસ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામાં પૂર્તતા થયા બાદ જ નિયામકશ્રી, શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી.
- આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની સબંધિત શાળાઓને જાણ કરવી કે, શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઇન અરજી ચકાસતાં રહેવુ તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પરના SMS ચકાસતા રહેવું જો કોઇ કવેરી અંગે ઓનલાઇન અરજીમાં સૂચના/SMSમળે તો સમય બગાડયા વિના સત્વેર પુર્તતા કરી દરખાસ્ત પુન: સબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને તે માટે શાળા મંડળ/આચાર્ય જવાબદાર બનશે.

- સંસ્થાઓ તા.૨૨/૦૯/૨૦૨૩ના રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઇન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઇ જશે.
- આપના જિલ્લાની સબંધિત શાળાઓની અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્કસ/નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સહ તા.૨૧/૦૯/૨૦૨૩ થી તા.૨૮/૦૯/૨૦૨૩ સુધીમાં દરખાસ્ત ઓનલાઇન સબમીટ કરવાની રહેશે.
- જિલ્લા સ્તરે મળેલ કચેરી સમયમર્યાદામાંરી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.
- આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.૨૨/૦૯/૨૦૨૩ સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજીસ્ટરમાં નિભાવવાની રહેશે.
- આપની કક્ષાએથી અધુરી/અયોગ્ય આધારોવાળી કોઇપણ દરખાસ્ત સબમીટ ન થાય તેની કાળજી લેશો.
- શાળાની ઓનલાઇન દરખાસ્તો મળતાં જ આપની સ્થળ તપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી. તથા સબમીશન માટે અંતિમ તા.૨૨/૦૯/૨૦૨૩ની રાહ ન જોતાં દરખાસ્ત ઓનલાઇન સબમીટ કરતાં જશો.

નોંધ ઉપર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર

મદદનીશ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા., ગાંધીનગર

**નકલ રવાના :**

- પ્રોજેક્ટ મેનેજરશ્રી, જી.આઇ.પી.એલ. , ઉદ્યોગભવન, ગાંધીનગર (By email)
(ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ વર્ગ વધારાન માટેનું ઓનલાઇન પોર્ટલ ચાલુ કરવા જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)